


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 197
Dt.: 30-03-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### કેરલમમાં વડાપ્રધાન મોદીનું મોટું નિવેદન

# સંકટ સમયે ભારતીયોના જીવ જોખમમાં મૂકી રહી છે કોંગ્રેસ

## પીએમ મોદીએ નિવેદન આપ્યું હતું કે, કોંગ્રેસ રાજકીય ફાયદા માટે સામાન્ય લોકોના જીવ જોખમમાં મૂકી રહી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)થિરૂવનંતપૂરમ્

કેરલમના પલક્કડમાં આયોજિત એક જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને તેના પર ભારતમાં થઈ રહેલી રાજનીતિને લઈને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

પીએમ મોદીએ નિવેદન આપ્યું હતું કે, "કોંગ્રેસ રાજકીય ફાયદા માટે સામાન્ય લોકોના જીવ જોખમમાં મૂકી રહી છે."

પશ્ચિમ એશિયામાં સર્જાયેલા તણાવ પર ભારત સરકારની સક્રિયતા અંગે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, સરકાર સતત પ્રયત્નશીલ છે કે આ યુદ્ધની ભારત પર ઓછામાં ઓછી અસર પડે. તેમણે જણાવ્યું કે, "જ્યારથી યુદ્ધ શરૂ થયું છે, ત્યારથી હું વિશ્વના નેતાઓના સંપર્કમાં છું. તમામ દેશો સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ભારતીયોની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે." પીએમએ ઉમેર્યુ કે, કોંગ્રેસ દ્વારા ખાડી દેશોના મુદ્દે કરવામાં આવતી ટિપ્પણીઓ અત્યંત ખતરનાક છે, જે ત્યાં વસતા અંદાજે ૧ કરોડ ભારતીયોની સુરક્ષા માટે જોખમ ઊભું કરી શકે છે.કેરલમના ખેડૂતોની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા પીએમ મોદીએ કહ્યું કે, રાજ્યમાં ડાંગરની ખરીદીમાં વિલંબ અને સમયસર નાણાં ન મળવાને કારણે હજારો ખેડૂતો પરેશાન છે.

તેમણે ખાતરી આપી હતી કે, "ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન જો કોઈ કરી શકે તેમ હોય તો તે ભાજપ છે. અમે MSPમાં પણ વધારો કર્યો છે, પરંતુ રાજ્ય સરકાર ખેડૂતોને લાભ આપવાને બદલે તેમને દેવામાં ધકેલી રહી છે. NDA સરકાર આવશે તો ખેડૂતોને આ સમસ્યામાંથી ચોક્કસ રાહત મળશે, આ મોદીની ગેરંટી છે." વડાપ્રધાને કેરલમના બંને મુખ્ય રાજકીય ગઠબંધન LDF અને UDF પર નિશાન સાધતા કહ્યું કે, આ બંને પક્ષો ભ્રષ્ટાચારી છે અને ભાજપથી ડરેલા છે. તેમણે આરોપ લગાવ્યો કે, દાયકાઓથી આ બંને પક્ષોએ મોટા કૌભાંડો કર્યા છે, પરંતુ એકબીજા સામે ક્યારેય કાર્યવાહી કરતા નથી. તેમણે જનતાને વિશ્વાસ અપાવ્યો કે જો ભાજપ સત્તામાં આવશે તો આ તમામ કૌભાંડોની તપાસ કરવામાં આવશે.

### ગુજરાતના બેંક એકાઉન્ટના કનેક્શન ખૂલ્યાં

# FBI ડાયરેક્ટર કાશ પટેલનું પ્રાઈવેટ ઈ-મેઈલ લીક થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મૂળ ગુજરાતી અને FBI ડાયરેક્ટર કાશ પટેલના બેંક એકાઉન્ટમાં મોટા ગરબડનો સનસનીખેજ ખુલાસો થયો છે. સાથે જ વડોદરાની HDFC બેંકની વિગતો લીક થયાની આશંકા છે. ઈરાની હેકરે કાશ પટેલના ઈમેલ રેકોર્ડ્સ હેક કરી ગોત્રી બ્રાન્ચમાં NRE એકાઉન્ટ ખોલાવવા અંગેની વાતચીત જાહેર કરી દીધી છે. અમેરિકન ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના વડાના ગુજરાત કનેક્શન અને બેંકિંગ ડેટાની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા થયા છે. ઈરાન સાથે જોડાયેલા હેકર્સે અમેકિન એજન્સી FBI ના ડાયરેક્ટર કાશ પટેલના પર્સનલ ઈમેઈલ ઈનબોક્સના ડેટા લીક કર્યા છે. હેકર્સે કાશ પટેલના ઈમેઈલમાંથી તસવીરો અને બીજા દસ્તાવેજો કાઢીને ઈન્ટરનેટ પર વાયરલ કરી દીધા છે. અમેરિકાન ન્યાય વિભાગના એક અધિકારીએ રોયટર્સને આ વાતની પુષ્ટિ કરી હતી. અમેરિકન અધિકારીએ કહ્યું કે, ઈરાન સાથે જોડાયેલ હેકરે કાશ પટેલના અંગત ઈમેઈલમાંથી તેમની તસવીરો અને બીજી માહિતી લીક કરી છે.

ઈરાન સમર્થક એક હેકિંગ ગ્રુપે શુક્રવારે દાવો કર્યો છે કે, તેણે FBI ના ડાયરેક્ટર કાશ પટેલનું એકાઉન્ટ હેક કર્યું છે, અને છેક ઈનબોક્સ સુધી પહોંચી ગયા છે.

ગ્રુપે ઓનલાઈન તેમની અનેક તસવીરો પબ્લિશ કરી દીધી છે. તેમનો વર્ક રિઝ્યુમ અને બીજા અંગત દસ્તાવેજ પોસ્ટ કરાયા છે. તેમાંથી કેટલાક રેકોર્ડ દાયકા જૂના છે. હેકર ગ્રુપ હંડાલા હેક ટીમે પોતાની વેબસાઈટ પર કહ્યું કે, કાશ પટેલ હવે પોતાનું નામ એ લિસ્ટમાં મેળવશે, જેમને સફળતાપૂર્વક હેક કરવામાં આવ્યા છે. હેકર્સે પટેલની અનેક તસવીરો પબ્લિશ કરી છે. જેમાં તેઓ સિગરેટ પીતા દેખાય છે. એક જૂની કન્વર્ટિબલ કારમાં સવારી કરતા તો દારૂની બોટલની સાથે તસવીર છે.

અમેરિકન ન્યાય વિભાગા એક અધિકારીએ કાશ પટેલના ઈમેઈલમાં ગરબડ કરી છે. તેઓએ કહ્યું કે, પટેલ સાથે જોડાયેલી પ્રકાશિત સામગ્રી અસલી લાગી રહી છે. જોકે, FBI (ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન) એ રોયટર્સની ટિપ્પણીના અનુરોધ પર કોઈ જવાબ આપ્યો નથી. હેકરે પણ કોઈ પ્રતિક્રીયા આપી નથી.

હંડાલા ખુદને ફિલીસ્તીન સમર્થક હેકર્સનું એક ગ્રુપ ગણાવે છે. આ ગ્રુપને પશ્ચિમી એક્સપર્ટ ઈરાની સરકારની સાયબર-ગુપ્તચર એજન્સી હોવાનું કહે છે. હંડાલાએ ૧૧ માર્ચના રોજ મિશિગન સ્થિત મેડિકલ ડિવાઈસ અને સર્વિસ પ્રોવાઈડર કંપની સ્ટ્રાઈકર (SYK.N) ને હેક કરવાનો દાવો કર્યો હતો.

કાશ પટેલના ઈ-મેઈલને હેક કરવાનો આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે અમેરિકા અને ઈરાન યુદ્ધમાં સળગી રહ્યાં છે. બંને દેશોની વચ્ચે ૨૮ ફેબ્રુઆરીથી જંગ સતત ચાલુ છે. આ લડાઈના કારણે બંને દેશોની વચ્ચે તણાવ ચરમસીમા પર છે. પટેલનું ઈમેઈલ હેક થવું ઈરાની ગ્રુપના સામેલ થવું આ તણાવને વધારી શકે છે.

### અમેરિકાના સૌથી એડવાન્સ વિમાનને ફૂંકી માર્યું

# સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એરબેઝ પર ઈરાન દ્વારા હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)રિયાદ

અમેરિકા અને ઈઝરાયલ તથા ઈરાન વચ્ચેનું યુદ્ધ દિવસે ને દિવસે વકરતું જઈ રહ્યું છે ત્યારે અમેરિકા અને ઈઝરાયલમાં લોકો હવે ટ્રમ્પ અને નેતાન્યાહૂના વિરોધમાં માર્ગો પર ઊતરી આવ્યા છે અને ઈરાન પર જબરદસ્તી થોપી દેવાયેલા યુદ્ધનો અંત આણવાની માગ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ઈરાને ઈઝરાયલ અને અમેરિકાનું મોટાપાયે નુકસાન કર્યું છે.

નેતન્યાહૂની જાળમાં ફસાઈને ટ્રમ્પે આ યુદ્ધ શરૂ કર્યું હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. અમેરિકામાં NO KING પ્રોટેસ્ટ કરવામાં આવ્યા હતા.

ઈરાને દાવો કર્યો છે કે, તેણે સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એરબેઝ પર અમેરિકન AWACS એરક્રાફટને નષ્ટ કરી નાખ્યું છે. ઈરના ન્યૂઝ એજન્સી તરફથી આ એરક્રાફટને ટાર્ગેટ કરતી તસવીર જાહેર કરી છે. IRNAએ X પર પોસ્ટમાં લખ્યું કે, નષ્ટ થઈ ચૂકેલા અમેરિકન એરફોર્સ ડિફેન્સ સિસ્ટમ તરફથી જાહેર કરાયેલી તસવીરો જોવા મળી છે, જેમાં અમેરિકનો દ્વારા રજૂ કરાયેલી કહાનીઓ વિરૂદ્ધ તેની એર ડિફેન્સ સિસ્ટમ સૌથી મહત્ત્વપૂર્ણ સૈન્ય ઠેકાણાઓની સુરક્ષા કરવામાં પણ અસમર્થ છે.

અમેરિકામાં ટ્રમ્પની મુશ્કેલી વધતી દેખાઈ રહી છે. ટ્રમ્પ વિરોધી દેખાવકારો માર્ગો પર ઊતરી આવ્યા છે. શિકાગોમાં હજારો લોકોએ ટ્રમ્પ વિરોધી નારેબાજી સાથે યુદ્ધનો તાત્કાલિક અંત આણવાની માગ કરી હતી.

બીજી બાજુ ઈઝરાયલમાં પીએમ નેતન્યાહુ વિરુદ્ધ મોટાપાયે દેખાવો કરવામાં આવ્યા હતા. જ્યારે દેખાવકારોને કચડી નાખવા માટે ઈઝરાયલી સેના અને પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. દેખાવકારોની માગ હતી કે ઈરાન વિરુદ્ધ યુદ્ધને તાત્કાલિક ધોરણે અટકાવી દેવામાં આવે.

અમેરિકાના સેનેટર બર્ની સેન્ડર્સે એક ચોંકાવનારો ખુલાસો કરતાં કહ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયલી સેનાએ આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઈરાનમાં ૪૯૮ સ્કૂલો પર બોમ્બમારો કર્યો છે. જેમાં ઘણાં બાળકો અને શિક્ષકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે અમેરિકા દ્વારા ઈઝરાયલ સાથે કરાયેલી મોટી હથિયારોની ડીલને પણ રોકવાની માગ કરી હતી.

### ઈરાન યુદ્ધ અને કથળતી અર્થવ્યવસ્થા મુદ્દે ટ્રમ્પ ભરાયા

# સમગ્ર અમેરિકામાં 'નો કિંગ્સ' વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા

## આ પ્રદર્શનો પરંપરાગત રીતે રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંને વિચારધારા ધરાવતા રાજ્યોમાં જોવા મળ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન અને વિદેશ નીતિ વિરુદ્ધ અમેરિકાના લોકોમાં આક્રોશ વધી રહ્યો છે. આ સંદર્ભે સમગ્ર અમેરિકામાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. હજારો લોકો નો કિંગ્સ ના બેનર હેઠળ ભેગા થયા છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ સામે પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. આયોજકોએ જણાવ્યું હતુ કે આ પ્રદર્શનો એક સુનિયોજિત રાષ્ટ્રીય અભિયાનનો ભાગ હતા, જે અંતર્ગત સમગ્ર દેશમાં ૩,૦૦૦ થી વધુ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સેન્ટ પોલ સ્થિત મિનેસોટા સ્ટેટ કેપિટલ ખાતે યોજાયેલી મુખ્ય રેલીમાં સૌથી વધુ ભીડ ઉમટી હતી, જેમાં અંદાજે ૨ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો. પ્રદર્શનકારીઓએ માર્ચ કાઢી, સૂત્રોચ્ચાર કર્યા અને ટ્રમ્પ વહીવટીતંત્રની નિંદા કરતા પોસ્ટર-બેનરો લહેરાવ્યા હતા. તેમનું મુખ્ય નિશાન વહીવટીતંત્રની ઈમિગ્રેશન સંબંધિત કડક કાર્યવાહી અને ઈરાન સાથે ચાલી રહેલા વિવાદમાં તેમની ભૂમિકા હતી. અનેક શહેરોમાં પ્રદર્શનકારીઓ મુખ્ય રસ્તાઓ પર કતારબદ્ધ ઊભા રહી ગયા હતા, જ્યારે કેટલાક લોકો જાહેર ચોકો પર એકઠા થઈને એકસાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.

આ આંદોલનનું મુખ્ય કેન્દ્ર મિનિયાપોલિસ-સેન્ટ પોલ (મિનેસોટા) માનવામાં આવે છે, જ્યાં તાજેતરમાં ફેડરલ કાર્યવાહી દરમિયાન બે નાગરિકો, રેની ગુડ અને એલેક્સ પ્રિટીના મોત બાદ રોષ ભભૂકી ઉઠ્યો હતો. આ સિવાય નીચેના શહેરોમાં પણ મોટા પાયે રેલીઓની તૈયારીઓ ચાલી રહી છે. જેમાં વોશિંગ્ટન ડીસી, શિકાગો, ન્યૂયોર્ક અને સેન ફ્રાન્સિસ્કોનો સમાવેશ થાય છે. જો અગાઉના આંકડા જોઈએ તો, ઓક્ટોબરમાં માત્ર વોશિંગ્ટનમાં જ ૨ લાખથી વધુ લોકો એકઠા થયા હતા, જ્યારે શિકાગો અને ન્યૂયોર્કમાં પણ લાખોની ભીડ જોવા મળી હતી.

'નો કિંગ્સ' આંદોલન છેલ્લા કેટલાક મહિનાઓમાં ડોનાલ્ડ ટ્રમ્પના વિરોધનું એક મોટું પ્રતીક બનીને ઉભરી આવ્યું છે. આ અભિયાનનું આ ત્રીજું રાષ્ટ્રવ્યાપી પ્રદર્શન છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારની નીતિઓ અને નિર્ણયો સામે અવાજ ઉઠાવવાનો છે. આયોજકોનો દાવો છે કે આ વખતે ૫૦ રાજ્યોમાં ૩,૩૦૦ થી વધુ કાર્યક્રમો થઈ શકે છે, જે તેને અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટા ઘરેલું વિરોધ પ્રદર્શનોમાં સામેલ કરી શકે છે.

### મમતા સામે પ્રદીપ પ્રસાદને ઉતાર્યા

# બંગાળ ચૂંટણી માટે કોંગ્રેસે ૨૮૪ બેઠકો પર ઉમેદવારોની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે ૨૮૪ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પાર્ટીએ ૨૯૪ બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસ દ્વારા યાદી જાહેર કર્યા બાદ હવે બંગાળમાં કોંગ્રેસ અને TMC એકબીજાની સામે ચૂંટણી લડશે. અધીર રંજન ચૌધરી બહેરામપુર વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભા ચૂંટણી લડશે. મૌસમ નૂરને માલતીપુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે, જ્યારે ભવાનીપુરથી મમતા બેનર્જી સામે પ્રદીપ પ્રસાદને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી ભાજપે મમતા બેનર્જી સામે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીને ઉતાર્યા છે, જ્યારે CPMએ શ્રીજીબ વિશ્વાસને મેદાનમાં ઉતાર્યા છે.

કોંગ્રેસની શનિવારે કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં પશ્ચિમ બંગાળની તમામ ૨૯૪ બેઠકો પર ઉમેદવારો ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શનિવારે ઉમેદવારો ઉતારવાના નિર્ણય બાદ રવિવારે કોંગ્રેસ તરફથી ૨૮૪ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં કુલ વિધાનસભા બેઠકોની સંખ્યા ૨૯૪ છે અને અહીં હાલમાં કોંગ્રેસના એક પણ ધારાસભ્ય નથી. અગાઉની વિધાનસભા ચૂંટણી પણ કોંગ્રેસ અને સ્ઝએ અલગ-અલગ લડી હતી અને મમતા બેનર્જી ત્રીજી વખત રાજ્યમાં સરકાર બનાવવામાં સફળ રહ્યા હતા. બીજી તરફ, ભાજપ વિરોધ પક્ષ તરીકે ઉભરી આવ્યું હતું.

કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ પૂર્વ ધારાસભ્ય અલી ઈમરાન રમ્ઝ (વિક્ટર) ઉત્તર દિનાજપુરની ચાકુલિયા બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સ્વર્ગસ્થ સોમેન મિત્રાના પુત્ર રોહન મિત્રા બાલીગંજ બેઠક પરથી ચૂંટણી લડશે. નંદીગ્રામ મતવિસ્તારમાં કોંગ્રેસે પાર્ટીના યુવા ચહેરા શેખ ઝરિયાતુલ હુસૈન પર ભરોસો મૂક્યો છે.

નંદીગ્રામથી ભાજપના નેતા સુવેન્દુ અધિકારી ચૂંટણી લડી રહ્યા છે. મોહિત સેનગુપ્તા રાયગંજ બેઠક પરથી, પૂર્વ ધારાસભ્ય અમલ આચાર્ય ઈટાહારથી, પૂર્વ ધારાસભ્ય નેપાલ મહતો બાઘમુંડીથી, પૂર્વ ધારાસભ્ય મિલ્ટન રાશિદ હસનથી અને મુસ્તાક આલમ હરિશ્ચંદ્રપુરથી ચૂંટણી લડશે.

બીજી તરફ સેવા દળના વડા પૂર્ણા ઘોષ શ્યામપુકુરથી, વિદ્યાર્થી પરિષદના પ્રમુખ પ્રિયંકા ચૌધરી બાલીથી, સુમન રોય ચૌધરી માનિકતલાથી અને રંજીત મુખર્જી બિધાનનગરથી ચૂંટણી લડશે. તે કોલકાતાના પૂર્વ પોલીસ કમિશનર પ્રસૂન મુખર્જીના પુત્ર છે. યુથ લીડર શાહિના જાવેદ બેલેઘાટાથી ચૂંટણી લડશે. કોંગ્રેસે આશુતોષ ચેટર્જીને ફરીથી રાસ બિહારી બેઠક પરથી ઉતાર્યા છે. કોંગ્રેસના ઉમેદવારોની યાદીમાં ખાસ વાત એ છે કે પાર્ટીએ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી ધારાસભ્ય રહેલા અનેક નેતાઓને ટિકિટ આપી છે. જેમાં રાયગંજથી મોહિત સેનગુપ્તા, ચંચલથી આસિફ મહેબૂબ અને હરિશ્ચંદ્રપુરથી મુસ્તાક આલમ ખાસ છે.

કોંગ્રેસે પૂર્વ સાંસદ અધીર રંજન ચૌધરી પર ફરી ભરોસો મૂક્યો છે. લોકસભા ચૂંટણીમાં પરાજય બાદ કોંગ્રેસે ફરીથી તેમના ગઢ બહેરામપુરથી તેમને ઉમેદવાર બનાવ્યા છે.

# નોઈડા-દાદરીમાં અખિલેશે સરકારને આડેહાથ લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેમણે આજે ગૌતમબુદ્ધ નગરના દાદરીમાં આયોજિત 'સમાજવાદી સમાનતા ભાઈચારો રેલી' દ્વારા જાહેરસભા ગજવી છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આકરા પ્રહારો કર્યા હતા.

અખિલેશ યાદવે ભાજપની રેલી પર કટાક્ષ કરતા કહ્યું કે 'આ રેલીની ચર્ચાએ કેટલાયના હોશ ઉડાવી દીધા છે અને તેમને અમારી રેલી પહેલા રેલી કરવા મજબૂર કર્યા છે, પરંતુ જે પાર્ટી પોતાને દુનિયાની સૌથી મોટી પાર્ટી કહે છે તેમને ભીડ એકઠી કરવા માટે સરકારી વિભાગોનો સહારો લેવો પડ્યો હતો.

ભાજપ સરકારની નીતિઓ પર નિશાન સાધતા તેમણે એરપોર્ટના મુદ્દે ઘેરતા જણાવ્યું કે, 'તેમણે ૭ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું જેમાંથી ૬ બંધ થઈ ગયા છે. લાગે છે કે, આ ઉદ્ઘાટન જ વેચવા માટે કરવામાં આવ્યું હતું.

અખિલેશે યોગી સરકાર પર આક્ષેપ કર્યો કે, '૫૦ લાખ કરોડના એમઓયુ માત્ર કાગળ પર જ રહ્યા અને યુવાનોને રોજગાર મળ્યો નથી.




# તંત્રી લેખ......

## એક યુદ્ધ જે વિશ્વને સંકટમાં મુકી રહ્યું છે તે ઉદ્યોગોના બંધ થવાને વેગ આપશે

જો પશ્ચિમ એશિયાઈ કટોકટીને કારણે ઉર્જા સંકટ ચાલુ રહેશે, તો વિશ્વભરમાં ઉદ્યોગો બંધ થવાનું પ્રમાણ વધશે, અને લોકોની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થશે.અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ છેલ્લા એક મહિનાથી અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હોય તેવું લાગે છે, પરંતુ તેમને સફળતા મળતી નથી. આ તેમના વિરોધાભાસી અને અવિશ્વસનીય અભિગમને કારણે છે. તેઓ એકસાથે ઈરાનને ધમકી આપી રહ્યા છે અને તેને યુદ્ધવિરામની ઓફર કરી રહ્યા છે. ઈરાન સાથેની વાટાઘાટોનો ઉલ્લેખ કરીને, તેમણે પહેલા ઈરાનના પાવર અને ઉર્જા સ્થાપનો પર હુમલાઓ પાંચ દિવસ માટે સ્થગિત કરવાની જાહેરાત કરી, પછી આ સમયગાળો વધુ લંબાવ્યો. દરમિયાન, ઈરાને ૧૫-મુદ્દાનો યુદ્ધવિરામ પ્રસ્તાવ રજૂ કર્યો, જેના માટે ઈરાને પણ પાંચ શરતો લાદી. ૧૫-મુદ્દાનો પ્રસ્તાવ અને પાંચ શરતો બંને પક્ષો વચ્ચે કોઈપણ અર્થપૂર્ણ વાતચીતને અશક્ય બનાવે છે, કારણ કે તેમની વચ્ચે વિશ્વાસનો અભાવ છે. સમસ્યા એ છે કે ટ્રમ્પના શબ્દો અવિશ્વસનીય છે. ઈરાને સમજાયું છે કે તે હોર્મુઝ સ્ટ્રેટ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખીને અને તેને અવરોધિત કરીને અમેરિકાને નમતું જોખવા દબાણ કરી શકે છે, કારણ કે આ માર્ગ બંધ થવાથી ઉર્જા સંકટ એક વૈશ્વિક મુદ્દો બની ગયો છે.

અમેરિકાના મતે, તે અનેક મધ્યસ્થીઓ દ્વારા ઈરાન સાથે વાટાઘાટો કરી રહ્યું છે. આ મધ્યસ્થીઓમાં ઈજિપ્ત, તુર્કી અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. પાકિસ્તાન, તેના ભૌગોલિક સ્થાનને કારણે, અમેરિકા માટે ઉપયોગી છે. તેના દ્વારા, અમેરિકા ઈરાનમાં દખલ કરી શકે છે. એક સમયે, અમેરિકાએ પાકિસ્તાનના સમર્થનથી અફઘાનિસ્તાનમાં લશ્કરી દખલ કરી હતી. એવું માનવામાં આવે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની પાકિસ્તાન સાથેની નિકટતા ઈરાનને નિશાન બનાવવાની તેમની વ્યૂહરચનાથી ઉદ્ભવી હતી. કોઈ પણ સંજોગોમાં, જ્યારે પાકિસ્તાન એકમાત્ર પરમાણુ સશસ્ત્ર ઈસ્લામિક દેશ તરીકે મુસ્લિમ દેશોમાં પોતાને અનન્ય માની શકે છે, ત્યારે તેની આંતરરાષ્ટ્રીય વિશ્વસનીયતા ડગમગી ગઈ છે અને તે બિલકુલ વિશ્વસનીય નથી, જેના કારણે તે અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવાની સ્થિતિમાં નથી. તેના પોતાના વિદેશ પ્રધાન કહી રહ્યા છે કે પાકિસ્તાન ફક્ત બંને દેશો વચ્ચે સંદેશાઓની આપ-લે કરી રહ્યું છે.

જો તે અમેરિકા સાથે પોતાના સ્વાર્થી હેતુઓ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યું હોય તો તે આશ્ચર્યજનક નહીં હોય. તે પોતાના ફાયદા માટે પોતાનું શોષણ કરવામાં અને મિત્રતાના નામે દગો કરવામાં માહિર છે. તેથી જ ભારતીય વિદેશ પ્રધાન જયશંકરે તેને દલાલ દેશ કહ્યો. આ એક યોગ્ય શબ્દ છે.

ટ્રમ્પ ઈરાન અંગે વિવિધ નિવેદનો આપી રહ્યા છે અને સંકેત પણ આપી રહ્યા છે કે તે આ યુદ્ધને રોકવા માંગે છે. આ સંકેતો શેરબજારમાં પ્રતિબિંબિત થઈ રહ્યા છે, પરંતુ એવું કહેવું મુશ્કેલ છે કે યુદ્ધ તેના અંત તરફ છે, કારણ કે ઈરાન અને ઈઝરાયલ દ્વારા હુમલાઓ ચાલુ છે. હોર્મુઝ સ્ટ્રેટ પણ ફરી ખુલવાની શક્યતા ઓછી લાગે છે. આ યુદ્ધની અનિશ્ચિતતા વચ્ચે, યુએસ રાષ્ટ્રપતિએ ભારતીય વડા પ્રધાન સાથે વાતચીત કરી. આ વાટાઘાટો દરમિયાન શું થયું તે કહેવું મુશ્કેલ છે. ગમે તે હોય, ભારત ઈચ્છે છે કે હોર્મુઝ સ્ટ્રેટ જલ્દી ખુલે જેથી ઉર્જા સંકટનો અંત આવે. ભારત અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવાની ઓફર કરી શકે છે, પરંતુ તે હાલમાં તેના જહાજો હોર્મુઝમાંથી પસાર થવાનું ચાલુ રાખે અને ઈરાન સાથેના સંબંધો સામાન્ય રહે તે સુનિશ્ચિત કરવાને પ્રાથમિકતા આપી રહ્યું છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ અર્થપૂર્ણ વાતચીત થાય કે ન થાય, આ યુદ્ધનો અંત આવે તે જરૂરી છે, કારણ કે પશ્ચિમ એશિયામાં કટોકટીને કારણે ઉર્જા સંકટ વૈશ્વિક અર્થતંત્રને અસર કરી રહ્યું છે. જો આગામી થોડા દિવસોમાં યુદ્ધને કારણે ઉર્જા સંકટ ઓછું નહીં થાય, તો ઉદ્યોગો બંધ થવાનું પ્રમાણ વધશે અને વિશ્વભરમાં લોકોની વેદના નોંધપાત્ર રીતે વધશે

## પાંચ વરસથી બેરોકટોક ચાલતી ગોંડલની ખનીજ ચોરીમાં ભાજપના દિગ્ગજ નેતાનુ નામ ખુલતા ખળભળાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ભુણાવા ગામે સરકારી ગૌચર અને ખરાબાની જમીનમાંથી કરોડો રૂપીયાની ખનીજ ચોરીનુ મસમોટુ કૌભાંડ બહાર આવ્યુ છે.





ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગની તપાસમાં ખુલાસો થયો છે કે ગામના સર્વે નંબર ૨૦૩ અને ૧૦૬ વાળી સરકારી જમીનમાંથી કોઈપણ મંજુરી વગર છેલ્લા પાંચ વરસથી મોટા પાયે ખનન કરવામાં આવતુ હતું. આ મામલે ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર કિશન રાણવાએ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. આ કૌભાંડમાં રાજકીય વગ ધરાવતા શખ્સોના નામ બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે કુલ ૬ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો છે. જેમાં (૧) સહદેવસિંહ રેવતુભા જાડેજા (રાજકોટ જિલ્લા પંચાયતની કોલીથડ સીટના સભ્ય અને પૂર્વ કારોબારી ચેરમેન) (૨) સિધ્ધરાજસિંહ નિરૂભા જાડેજા ( ગોંડલ તાલુકા ભાજપના અગ્રણી અને તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન ) (૩) મજબુતસિંહ કિરૂભા જાડેજા (રહે. ભુણાવા ) (૪) રણજીતસિંહ નટુભા જાડેજા (રહે. ભુણાવા ) (૫) દિગ્વિજયસિંહ બાપાલાલ જાડેજા (રહે. ભુણાવા) (૬) ચનાભાઈ આંબાભાઈ સરસીયા (રહે. મોટા મહિકા)

તપાસ દરમિયાન ખનીજ વિભાગે પંચોની હાજરીમાં માપણી હાથ ધરી હતી. જેમાં ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. આરોપીઓએ કુલ ૩૧,૭૯૮.૧૦ મેટ્રીક ટન સાદી માટી / મોરમ અને ૩૮,૫૧૪.૩૧ મેટ્રીક ટન સોફટ મોરમની ચોરી કરી હોવાનુ બહાર આવ્યુ છે. આ ચોરી કરાયેલા ખનીજ ની અંદાજીત કિંમત રૂપીયા ૧,૫૯,૯૧,૯૫૯ કરોડ થી પણ વધુ હોવાનુ બહાર આવ્યુ છે. ફરીયાદ મુજબ આ શખ્સો છેલ્લા પાંચ વરસથી તંત્રની કોઈપણ પરવાનગી વગર ગેરકાયદેસર રીતે ખોદકામ કરી રહ્યા હતા. સ્થાનિક સ્તરે આટલા લાંબા સમયથી ચાલી રહેલા ખનન ને લઈને તંત્રની ભુમિકા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. ભુસ્તરશાસ્ત્રીની સુચના મુજબ જયારે સ્થળ તપાસ કરવામાં આવે ત્યારે જમીનમાં થયેલા મોટા મોટા ખાડાઓ ગેરકાયદે ખનની સાક્ષી પુરી રહ્યા હતા.

ગોંડલ તાલુકા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૩૦૯, ૩૪ અને ૪૧૪ તેમજ ખાણ અને ખનીજ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કર્યો છે. રાજકીય નેતાઓના નામ બહાર આવતા આ મામલો સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. હાલ પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ખાખીનો ખૌફ ગાયબઃ ગુજરાતમાં પોલીસની આબરૂના ઉડયા ધજાગરાઃ પાટણ બાદ હવે અમદાવાદમાં પોલીસને માર મારી ભગાડી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં જાણે અસામાજિક તત્વોને કાયદાનો કે ખાખી વર્દી નો કોઈ ડર જ ન રહ્યો હોય તેવો ઘાટ સર્જાયો છે. રાજયના ગૃહમંત્રી ભલે ગુન્હેગારોને ન છોડવાના અને કડક કાર્યવાહી કરવાના દાવા કરતા હોય પણ જમીની હકીકત કંઈક અલગ જ દેખાઈ રહી છે.

તાજેતરમાં ગુજરાત પોલીસની આબરૂના ધજાગરા ઉડાડતી બે મોટી ઘટનાઓ બનવા પામી છે. પહેલા પાટણમાં કેટલાક લુખ્ખા તત્વો અને ગુંડાઓએ પોલીસને ખુલ્લો પડકાર ફેંકીને દોડાવી, તો હવે અમદાવાદ ગ્રામ્યના નળ સરોવર વિસ્તારમાં પણ દારૂ માફીયાઓ અને ગ્રામજનોએ ભેગા મળીને પોલીસ જવાનોને ઢોર માર મારીને ઉભી પુંછડીએ ભાગવા મજબુર કર્યા હતા. આ બંને ઘટનાઓ પોલીસની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કરી રહી છે. અમદાવાદ જિલ્લાના નળ સરોવર વિસ્તારમાં આવેલા દુર્ગી ગામમાં સ્થાનિક પોલીસને દારૂના અડ્ડા અંગેની બાતમી મળી હતી. આ બાતમીના આધારે નળ સરોવર ટાઉન પોલીસની એક ટીમ ત્યાં દરોડા પાડવા પહોચી હતી. પરંતુ ત્યાં પહોચતા જ સ્થિતિ અચાનક વણસી ગઈ હતી. દારૂના અડ્ડા પર રેડ પાડતા જ ગામના લોકો ઉશ્કેરાઈ ગયા હતા. અને હાથમાં લાકડીઓ અને પથ્થરો લઈને પોલીસ પર જ તુટી પડયા હતા. બુટલેગરો અને ગ્રામજનોએ ભેગા મળીને ૩ જેટલા પોલીસ જવાનોને ઘેરી ને એવો ઢોર માર માર્યો કે તેઓ અધમુઆ જેવા થઈ ગયા હતા.

ઉશ્કેરાયેલા ટોળાનો સામનો ન કરી શકતા અને જીવ બચાવવા માટે પોલીસ કર્મીઓએ ત્યાંથી ભાગવુ પડયુ હતું. ગ્રામજનોએ મારેલા આ માર માં એક પોલીસ કર્મીને ગંભીર ઈજાઓ પહોચી હતી. જો કે આ ઘટનાબાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મોટો કાફલો ગામમાં પહોચી ગયો હતો અને સઘન કોમ્બિંગ હાથ ધર્યુ હતું. હાલમાં ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને શાંતિનો માહોલ છે.

## ગુજરાતના વકીલોને કાળઝાળ ગરમીમાં મળી મોટી રાહતઃ હવે ૪ મહિના સુધી કાળો કોટ પહેરવામાંથી મુકિત

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયમાં ઉનાળાની શરૂઆત સાથે જ સુર્યદેવતા આકરા પાણીએ થયા છે. અંગ દઝાડતી ગરમી અને લુ ના પ્રકોપ વચ્ચે ગુજરાતના લાખો વકીલો માટે રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટના દિશા નિર્દેશ અનુસાર ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા રાજયભરની તમામ નીચલી અદાલતોના વકીલોને ઉનાળાના ૪ મહિના દરમિયાન કાળો કોટ પહેરવામાંથી સત્તાવાર રીતે મુકિત આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ રાજયના વકીલોને ૧ એપ્રિલ ૨૦૨૬ થી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધીના ૪ મહિનાના સમયગાળા માટે આ મુકિત આપવામાં આવી છે. આ અંગે બારકાઉન્સિલ દ્વારા રાજયના તમામ ૨૮૨ વકીલ મંડળોને લેખિતમાં જાણ કરી દેવામાં આવી છે. રાજયની તમામ જિલ્લા અને તાલુકા અદાલતો જેવી કે ફેમીલી કોર્ટ, વિવિધ ટ્રીબ્યુનલ્સ, મજુર અદાલતો(લેબર કોર્ટ) ને મળશે. કાળો કોટ પહેરવામાંથી મુકિતનો અર્થ એ નથી કે વકીલો કોઈપણ પોશાકમાં કોર્ટમાં હાજર રહી શકશે, બાર કાઉન્સિલે સ્પષ્ટતા કરી છે કે વકીલોએ એડવોકેટ એકટ હેઠળના અન્ય ડ્રેસ કોડ નુ પાલન કરવાનુ રહેશે. વકીલોએ પ્રેકટીસ દરમિયાન સફેદ શર્ટ અને બેન્ડ પહેરવા ફરજીયાત રહેશે, માત્ર ગરમીને ધ્યાને રાખીને ઉપરનો કાળો કોટ પહેરવામાંથી જ છુટછાટ આપવામાં આવી છે. ગુજરાત બારકાઉન્સિલની ફાઈનાન્સ કમિટીના પૂર્વ ચેરમેન અનીલ સી કેલ્લાએ આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના નિયમો મુજબ વકીલો માટે કાળો કોટ અનિવાર્ય છે. જો કે ગુજરાતની મોટાભાગની જિલ્લા અને તાલુકા કક્ષાની નીચલી અદાલતોમાં હજુ પણ એરકન્ડીશન્ડ (એસી) સુવિધાઓનો અભાવ છે. ઉનાળામાં જયારે તાપમાન ૪૦ ડીગ્રીને પાર કરી જાય છે ત્યારે બંધ કોર્ટ રૂમમાં કાળો કોટ પહેરીને કલાકો સુધી દલીલો કરવી વકીલો માટે શારીરિક રીતે ખુબ જ કષ્ટદાયક બની રહે છે. વકીલોની આ હાલાકી અને સ્વાસ્થ્ય ને ધ્યાને રાખીને માનવીય અભિગમ સાથે આ વરસે પણ આ પરંપરાગત રાહત જાહેર કરવામાં આવી છે. આ નિર્ણયને પગલે સમગ્ર રાજયના વકીલ મંડળોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોની કોર્ટોમાં પ્રેકટીસ કરતા વકીલો, જેમને સતત એક કોર્ટ માં થી બીજી કોર્ટમાં દોડધામ કરવાની હોય છે. તેમને આ નિર્ણયથી મોટી શારીરિક રાહત મળશે. ગરમીના દિવસોમાં કાળા રંગના કોટને કારણે ગરમીનુ પ્રમાણ વધુ અનુભવાતુ હોય છે. જેમાંથી હવે આગામી જુલાઈ ના અંત સુધી મુકિત મળી છે.

### વડાપ્રધાન મોદી આવતીકાલે ગુજરાતના એક દિવસના પ્રવાસે

## સરહદી નવા જિલ્લામાં મોદીની ઐતિહાસિક મુલાકાતઃ ૧૯ હજાર કરોડના વિકાસ કામોની આપશે ભેટ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતી કાલે ૩૧ માર્ચ ના રોજ ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત અનેક રીતે ઐતિહાસિક સાબિત થવાની છે. કારણે વડાપ્રધાન બન્યા બાદ તેઓ પ્રથમ વખત ગુજરાતના ૩૪ માં નવનિર્મિત જિલ્લા વાવ-થરાદની મુલાકાત લેશે. ભારત પાકિસ્તાન સરહદને સ્પર્શતા આ વ્યુહાત્મક જિલ્લામાં વડાપ્રધાન ૧૯ હજાર કરોડ થી વધુના વિકાસ કામોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. આ પ્રવાસ દરમિયાન તેઓ ડીસા એરફોર્સ સ્ટેશન પાસે આવેલા નાણી ગામે એક વિશાળ જનસભાને પણ સંબોધીત કરશે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રીઓ પણ ઉપસ્થિત રહેવાના છે.



ગયા વરસે સપ્ટેમ્બર મહિનામાં બનાસકાંઠા જિલ્લામાંથી અલગ કરીને વાવ થરાદને નવો જિલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. આ જિલ્લો પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો હોવાથી સુરક્ષા અને વિકાસ બંને દ્રષ્ટીએ મહત્વનો છે. વડાપ્રધાન આ મુલાકાત દરમિયાન રેલ્વે, પાવર, સંરક્ષણ અને શહેરી વિકાસ ક્ષેત્રના અનેક પ્રોજેકટ જનતાને સમર્પિત કરશે. ખાસ કરીને ડીસા એરફોર્સ સ્ટેશન ખાતે યોજાનાર કાર્યક્રમ સંરક્ષણ ક્ષેત્રે ભારતની મજબુતીનુ પ્રતિક બનશે. આ સાથે જ ગુજરાતમાં શહેરી વિકાસ વર્ષ ની ઉજવણીના સમાપન નિમિત્તે પણ અનેક વિકાસ કામોની ભેટ આપશે.

આ પ્રવાસની સૌથી મોટી વિશેષતા રેલ્વે પ્રોજેકટ છે. વડાપ્રધાન રૂપીયા ૮૯૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા રેલ્વે ના કામોનુ લોકાર્પણ કરશે, જેમાં (૧) હિંમતનગર-ખેડબ્રહ્મા નવી લાઈન રૂપીયા ૪૮૨ કરોડના ખર્ચે બનેલી ૫૫ કિ.મી. ની આ લાઈન સાબરકાંઠા જિલ્લાને અમદાવાદ અને ઉદેપુર સાથે સીધુ જોડાણ આપશે. (૨) ખેડબ્રહ્માથી હિંમતનગર થઈને અમદાવાદ(અસારવા) સુધીની નવી ટ્રેન શરૂ કરવામાં આવશે જેનાથી સ્થાનિક મુસાફરો અને વેપારીઓને મોટો ફાયદો થશે. (૩) રૂપીયા ૨૫૭ કરોડના ખર્ચે કાનાલુસ – જામનગર ડબલીંગ અને ગાંધીધામ-આદિપુર મલ્ટીટ્રેકીંગ પ્રોજેકટનુ લોકાર્પણખ કરશે જે દિન દયાળ પોર્ટ સુધી માલ સામાનની હેરફેર ઝડપી બનાવશે.

વાવ-થરાદ ઉપરાંત વડાપ્રધાન સાણંદની પણ મુલાકાત લેશે. જયાં તેઓ સેમી કંડકટર પ્લાન્ટ ના એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં હાજરી આપશે. ભારતને ગ્લોબલ ચીપ મેન્યુફેકચરીંગ હબ બનાવવાની દિશામાં આ એક મોટુ કદમ માનવામાં આવે છે. જૈન સમાજના દ્વારા આયોજીત એક ધાર્મિક કાર્યક્રમમાં પણ સહભાગી થશે. આ વ્યસ્ત પ્રવાસના અંતે તેઓ પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ની પણ મુલાકાત લેવાના છે. રાજકીય વિશ્લેષકોના મતે વડાપ્રધાનનો આ પ્રવાસ આગામી સમયમાં આવનારી મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોની ચુંટણીઓ માટે પૂર્વ ગ્રાહી સમાન છે. રાજય ચુંટણી પંચે અત્યારે જ ડ્રાફટ મતદાર યાદી પ્રસિધ્ધ કરી છે. અને વડાપ્રધાનની મુલાકાત બાદ એપ્રિલના શરૂઆતમાં ચુંટણીની તારીખો જાહેર થાય તેવા તેવી પ્રબળ શકયતા છે. આ વિકાસ કામોના લોકાર્પણથી ભાજપ ચુંટણી પહેલા જનતામાં મજબુત પકકડ બનાવવાનો પ્રયાસ કરશે.

## પોલીસની દાદાગીરી સામે ખેડુતો લાચારઃ પોલીસનો દુરુપયોગ થતો હોવાની ઉઠી ફરીયાદો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં હાલ સૌર અને પવન ઉર્જા પ્રોજેકટ માટે ખેડુતોની સંમતિ વિના પોલીસ બંદોબસ્ત સાથે વીજ લાઈનો નાખવાનો મુદ્દો અત્યારે ઘણો ગંભીર બની ગયો છે. પોતાની માલીકીની જમીન હોવા છતાં ખેડુતોને હડધુત કરવામાં આવી રહ્યા છે. તેઓ સાથે અન્યાય થઈ રહ્યાની ફરીયાદો ઉઠવા પામી છે.

ખેડુતોનો મુખ્ય આક્ષેપ છે કે તેમની કિંમતી જમીન પર મંજુરી વગર દબાણ કરવામાં આવી રહ્યુ છે. જેનાથી તેમના ખેતીના કામ અને જમીનના મુલ્યને નુકશાન થઈ રહ્યુ છે. બીજુ કે જેઓની માલીકીની જમીન છે તેઓને કાયદાનુ રક્ષણ આપવાને બદલે તેઓ વિરૂધ્ધ પોલીસનો દુરુપયોગ થઈ રહ્યો છે. અનેક જગ્યાએ કંપનીઓ દ્વારા પોલીસની મદદ લઈને ખેડુતો સાથે બળજબરીથી કરવામાં આવતી હોવાની ખેડુતોમાં ફરીયાદો ઉઠવા પામી છે. તો બીજી તરફ જમીનના ઉપયોગના બદલામાં અપુરતી રકમ-વળતર આપવા મામલે ખેડુતો લડત ચલાવી રહ્યા છે. દ્વારકા આજુબાજુના વિસ્તારોમાં પણ ખેડુતો આ વીજ લાઈનોના નેટવર્ક થી પ્રભાવિત થયા છે.

## ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓ મીડીયાથી કેમ અંતર રાખી રહ્યા છે? મીડીયામાં ઉઠયા સવાલો



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર જાહેર ભાષણોમાં પારદર્શક વહિવટની વાતો કરી રહી છે. તો બીજી તરફ સરકારના કેટલાક મંત્રીઓ જેવા કે શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા, વાહન વ્યવહાર મંત્રી પ્રવિણ માળી, મહેસુલ મંત્રી સંજયસિંહ મહિડા સહિતના મંત્રીઓ મીડીયાથી અંતર રાખી મીટીંગોના બહાના કાઢી એક યા બીજા કારણોસર મીડીયાને મળવાનુ ટાળતા મીડીયામાં આલમમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

શિક્ષણ મંત્રી વાજા પાસે અન્ય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો વધારાનો હવાલો છે. જયારે મંત્રી પ્રવિણ માળી પાસે વાહન વ્યવહારની સાથે સાથે વન અને પર્યાવરણ ખાતાની જવાબદારી છે. તો બીજી તરફ સંજયસિંહ મહિડા પાસે મહેસુલ જેવુ મહત્વનુ ખાતુ છે. ત્યારે આ વિભાગોમાં એવા તે કેવા કામો થઈ રહ્યા છે કે આ મંત્રીઓને મીડીયાના પ્રશ્નોના જવાબો આપવાનો સમય મળતો નથી. શું ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો છે કે પછી અન્ય કંઈ, જે પણ હોય પરંતુ આ ત્રણેય મંત્રીઓને મીડીયાના સવાલોના જવાબો ન આપવા પડે કે પછી સરકારની જે પણ કામગીરી થતી હોય તેની માહિતી અને જવાબો આપવા ન પડે તે માટે મીડીયાને મળવાનો ટાળતા હોય તેવુ પણ ચર્ચાઈ રહ્યુ છે. તો અન્ય મંત્રી કમલેશ પટેલ પણ મીડીયાના જવાબો આપવાને બદલે સામેથી મંત્રી દ્વારા કહેવામાં આવતુ હોય છે કે પીએસ-પીએ ને મળીલો, ત્યારે પ્રજાએ ચુંટીને મોકલેલા પ્રતિનિધિઓ મીડીયાથી અંતર રાખતા ચર્ચાનો વિષય બનવા પામેલ છે.

## ૧૦ દિવસમાં જ ધુરંધર ફિલ્મની કમાણી ૧૦૦૦ કરોડને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ધુરંધર ૨ ફિલ્મ રિલીઝ થયા પછી બોલીવુડના ઘણા રેકોર્ડ તુટી રહ્યા છે. ધુરંધર ૨ ફિલ્મની કમાણીનો આંકડો ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. વર્ષ ૨૦૨૫ ની બ્લોકબસ્ટર ફિલ્મ ધુરંધરનો આ બીજો પાર્ટ છે. આ ફિલ્મ લોકોને ધુરંધર કરતાં પણ વધારે પસંદ આવી છે. સામાન્ય રીતે એવું થતું હોય કે દર્શકોને ફિલ્મનો બીજો પાર્ટ પહેલા પાર્ટ જેટલો સારો ન પણ લાગતો હોય પણ ધુરંધર ૨ ફિલ્મ લોકોને પહેલા પાર્ટ કરતાં પણ વધારે પસંદ આવી રહી છે.

ધુરંધર ફિલ્મ બોલીવુડની આંગળીના વેઢે ગણી શકાય તેવી સફળ ફિલ્મોમાંથી એક બની છે જેણે ખૂબ ઓછા સમયમાં કરોડોની કમાણી કરી હોય. આ ફિલ્મના કમાણીના આંકડા ચોંકાવનારા છે. હજુ તો ફિલ્મ રિલીઝ થઈ તેને ૧૦ જ દિવસ થયા છે હજુ તો ફિલ્મ બોક્સ ઓફિસ પર છવાયેલી રહેશે. ધુરંધર ૨ ની શરુઆતી દિવસોની કમાણી પુષ્પા ૨, બાહુબલી ૨, એનિમલ, જવાન સહિતની ફિલ્મો કરતાં પણ વધારે છે. ધુરંધર ૨ ફિલ્મની બોક્સ ઓફિસ કમાણી રિલીઝના બીજા શનિવારે ૬૨.૮૫ કરોડ રુપિયા હતી. ભારતમાં ધુરંધર ૨ ની કમાણી ૮૫૫ કરોડથી વધી ચુકી છે. ધુરંધર ૨ ના વર્લ્ડવાઈડ કલેકશનની વાત કરીએ તો ફિલ્મની કમાણી ૧૧૪૧ કરોડથી વધી ચુકી છે.

## છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ૮૨ કરોડની યોજનામાં ઘોર બેદરકારીઃ કરોડોના ખર્ચે ટાંકી બની પણ પાઈપલાઈન નાખવાનુ તંત્ર ભુલી ગયું

પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ સરકાર આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજના હેઠળ કરોડો રૂપીયા ખર્ચવાના દાવા કરે છે. તો બીજી તરફ છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ડબ્બા ગામે તંત્રની ગંભીર બેદરકારી બહાર આવી છે.

નર્મદા નદીના કાંઠે વસેલા આ ગામમાં પીવાના પાણીની ટાંકી અને સંપ તો બનાવી દેવામાં આવ્યા છે. પરંતુ ફળીયા સુધી પાઈપલાઈન નાખવાની કામગીરી ન થતા ૪૦૦ જેટલા ગ્રામજનો ભરઉનાળે ટીપા ટીપા પાણી માટે વલખાં મારી રહ્યા છે. કુપ્પા પાણી પુરવઠા યોજના અંતર્ગત ડબ્બા ગામના લોકોને શુધ્ધ ફીલ્ટરવાળુ પાણી મળી રહે તે માટે લાખોના ખર્ચે સંપ અને ટાંકીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આશ્ચર્યની વાત એ છે કે આ સંપ માં પાણી તો આવે છે પરંતુ તે શોભાના ગાંઠીયા સમાન બની રહ્યુ છે.

પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સંપ થી લઈને ગામના નિશાળ ફળીયું અને પટેલ ફળીયુ સહિતના વિસ્તારોમાં પાઈપલાઈન અને નળ કનેકશન આપવાની કામગીરી જ કરવાનુ ભુલી ગયા હોય તેવુ લાગી રહ્યુ છે. પરીણામે ટાંકીના પાણી હોવા છતાં લોકો તરસ્યા મરે છે. ગામમાં ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલા વોટરવર્કસ બોર પણ હવે ઉનાળાની શરૂઆતમાં જ ડચકા ખાઈ રહ્યા છે. ભુગર્ભ જળના સ્તર નીચે જતા રહેતા બોરમાંથી પુરતુ પાણી આવતુ નથી. ગ્રામજનોને અત્યાર થી જ ખેતરોમાં આવેલા કુવાઓ પર પાણી ભરવા જવાની નોબત આવી છે. ૪૦૦ લોકોનો વસ્તી અને પશુધન ને પાણી પીવડાવવા માટે અત્યંત મુશ્કેલ પરીસ્થિતિ સર્જાઈ છે. છોટા ઉદેપુર જિલ્લાના ૭૨ ગામડાઓને શુધ્ધ પાણી પહોચાડવા માટે અંદાજે ૮૨ કરોડ રૂપીયાની યોજના છેલ્લા પાંચ વરસથી કાર્યરત છે. સરકાર દ્વારા આટલી માતબર રકમ ફાળવવામાં આવી હોવા છતાં ડબ્બા ગામ જેવા છેવાડાના વિસ્તારોમાં પાઈપલાઈન જેવી પાયાની કામગીરીમાં થતી વિલંબ અને ખામીઓ તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઉભા કરે છે.

સ્થાનિકોનુ કહેવુ છે કે જો ગાંધીનગર થી ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર આવીને તપાસ કરે તો યોજનામાં થયેલી ગેરરીતીઓ અને અધિકારીઓની બેદરકારીની ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

## ગાંધીનગરમાં મહિલા એકાઉન્ટન્ટ અપહરણ અને મારપીટ મામલે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ વિરૂધ્ધ ફરીયાદ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગર માં એક ચોંકાવનારી ઘટના બનવા પામી છે. સેકટર ૨૫ જીઆઈડીસી સ્થિત એચબીસી (લાઈફ સાયન્સ કંપની ) માં ફરજ બજાવતી મહિલા એકાઉન્ટન્ટ નું અપહરણ કરી તેને ઢોર માર મારવાના ગંભીર ગુન્હામાં ગાંધીનગર પોલીસે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ હસમુખ પટેલની ધરપકડ કરી છે. આ હાઈપ્રોફાઈલ ધરપકડને પગલે રાજયના રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે.

સમગ્ર વિવાદની જડ કંપનીના નાણાંકીય વ્યવહારોમાં રહેલી છે. મુળ અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા મહિલા એચ બી સી (લાઈફ સાયન્સ) માં એકાઉન્ટન્ટ તરીકે કાર્યરત છે. કંપનીના માલીક હિમાંશુભાઈ પટેલે તેમને પોતાની અન્ય એક કંપની, મેકિસમસ હોલીડે પ્રા.લી . ના ઓડીટની જવાબદારી સોપી હતી. ઓડીટ દરમિયાન મહિલાએ અંદાજે રૂપીયા ૮૦ થી ૮૫ લાખ ના શંકાસ્પદ વ્યવહારો અને બીલો વગરની ચુકવણીઓ પકડી પાડી હતી.

આ બેનામી હિસાબોની વિગતો બહાર આવતા જ કંપનીના સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે. ફરીયાદમાં જણાવ્યા અનુસાર ગઈ તારીખ ૨૬ માર્ચના રોજ બપોરે કંપનીના પાર્કિંગમાંથી મહિલાનુ બળજબરીપૂર્વક ગ્રીન કલરની હેરીયર ગાડીમાં અપહરણ કરવામાં આવ્યુ હતું. આરોપી સપના ડુમરે અને રીષા દેસાઈએ પણ ચાલુ ગાડીમાં મહિલાના વાળ ખેંચી, લાફા અને મુકકા મારીને ગંભીર ઈજાઓ પહોચાડી હતી. હુમલાખોરોએ ધમકી આપી હતી કે જો આ હિસાબોની વાત કોઈને કરી તો તેને જાનથી મારી નાખી કયાંય દાટી દઈશુ,

ભયભીત બનેલી મહિલાએ જયારે આ ઘટના અંગે કંપનીના માલીક હસમુખભાઈ પટેલને જાણ કરી ત્યારે તેમણે ન્યાય અપનાવવાને બદલે મામલો દબાવવા માટે દબાણ કર્યુ હતું. હસમુખભાઈએ મહિલાને પોલીસ ફરીયાદ ન કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે મહિલાએ હિંમત હાર્યા વગર સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે.

## બાટલા દારૂના બંધ કરવાના હતા ગેસના નહી, ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો અનોખો વિરોધ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના તીવ્ર સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટ માં આવેલા અવરોધને કારણે દેશભરમાં હાલ એલપીજી સીલીન્ડરની તીવ્ર અછત સર્જાઈ છે.

ત્યારે ગુજરાતમાં આ અસર હવે વધુ ગંભીર બની રહી છે. મોરબીના સીરામીક યુનીટમાં સેંકડો કારખાનાઓ બંધ થઈ ગયા છે. સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગ અને અનેક હોટલ રેસ્ટોરન્ટમાં કામ કાજ અટકી પડયુ છે. અને લોકો ગેસ એજન્સીઓની બહાર લાંબી કતારોમાં પરેશાન છે. આવી વિકટ પરીસ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ ગાંધીનગરમાં એક અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. તેઓએ રસ્તાના થાંભલાઓ અને જાહેર જગ્યાઓ પર પોસ્ટરો ચોંટાડયા છે અને રોડ પર લખાણો લખ્યા છે. આ પોસ્ટરોમાં સ્મૃતિ ઈરાનીના ફોટા સાથે વ્યંગાત્મક સંદેશ લખેલો છે કે ભુંડ ભકતોના સ્વામિ, બાટલા દારૂના બંધ કરવાના હતા, ગેસના નહી,

આમ આદમી પાર્ટી ના કાર્યકરો કહી રહ્યા છે કે જયારે યુપીએ સરકાર હતી અને સીલીન્ડરના ભાવ ૩૭૫ થી ૪૦૦ રૂપીયા આસપાસ હતા. ત્યારે સ્મૃતિ ઈરાનીએ સીલીન્ડર ખભે લઈને ડ્રામા કર્યો હતો. અને આજે જયારે સીલીન્ડર ની કિંમત ૧ હજાર રૂપીયાની આસપાસ પહોચી ગઈ છે. અને અછતને કારણે લાંબી લાઈનો લાગી રહી છે ત્યારે સ્મૃતિ ઈરાની કયાં ગાયબ છે ? તો બીજી તરફ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગીંગ અને અંડરગ્રાઉન્ડ વેપાર ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. છેલ્લા બે વરસમાં કરોડો રૂપીયાનો દારૂ જપ્ત થયો છે. તેમ છતાં માફીયા અને બુટલેગર્સ સક્રિય છે. આ પોસ્ટર વિરોધ માત્ર એક પ્રદર્શન નથી, પણ સત્તાધારીઓને યાદ અપાવવાનો એક સંદેશ છે. સત્તામાં આવતા પહેલા વિરોધના નાટક કરનારા આજે કેમ ચુપ છે ? જો કે ગુજરાત સરકારે ૨૦ ટકા થી વધુ સપ્લાય અને ઘરેલુ ગેસ ને પ્રાથમિકતા આપવાની વાત કરી છે. પણ વાસ્તવિકતા અને અફવાઓ વચ્ચે લોકો હજુ પણ મુંઝવણમાં છે. ભાજપના કાર્યકરો તુરત જ આવીને તેને ઉતારી નાંખ્યો હતો. તે વાત કોઈને કહેવાય તેવી નથી, કારણ કે આવા વ્યંગાત્મક વિરોધને સહન કરવાની તેમની આદત નથી. પરંતુ સવાલ એ ઉઠી રહ્યો છે કે પોસ્ટરો ભલે કાઢી નાખવામાં આવ્યા પણ સંદેશ તો તેના વોટસએપ અને સોશીયલ મીડીયા પર વાયરલ થઈ જશે.

## પીએસઆઈ ભરતીની લેખિત પરીક્ષા જાહેર: ૧૩ એપ્રિલે કોલલેટર ડાઉનલોડ કરી શકાશે: ૧૯ એપ્રિલે લેખિત પરીક્ષા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈ ની શારીરિક કસોટી પૂર્ણ કર્યા બાદ હવે ઉમેદવારો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. રાજયના હજારો યુવાનોના ભાવી નો ફેંસલો આગામી ૧૯ એપ્રિલના રોજ લેખિત પરીક્ષા દ્વારા કરવામાં આવશે. ભરતી બોર્ડના જણાવ્યા અનુસાર ૧૯ એપ્રિલના રોજ બે મહત્વના પેપરની પરીક્ષા લેવામાં આવશે. જેમાં સવાર અને સાંજ ની બે અલગ અલગ પાળી માં ઉમેદવારોની બૌધ્ધિક અને વિષયલક્ષી ક્ષમતાની ચકાસણી કરવામાં આવશે. એટલે કે એક જ દિવસે બે પેપર લેવામાં આવશે. શારીરિક કસોટીમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારો જ આ લેખિત પરીક્ષામાં બેસી શકશે. પોલીસબેડામાં જોડાવવા માંગતા ઉમેદવારો માટે આ અંતિમ અને નિર્ણાયક તબકકો માનવામાં આવે છે. પરીક્ષાની જાહેરાત ની સાથે જ કોલ લેટર ડાઉનલોડ કરવાની તારીખ પણ સ્પષ્ટ કરી દેવામાં આવી છે. ઉમેદવારો ૧૩ એપ્રિલ થી ભરતી બોર્ડ ની સત્તાવાર વેબસાઈટ પરથી પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ વહેલી તકે કોલ લેટર મેળવી લે. જેથી પરીક્ષા કેન્દ્ર અને સમય બાબતે કોઈ મુંઝવણ ન રહે, શારીરિક કસોટી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ હવે લેખિત પરીક્ષા માટે વહિવટી તંત્ર દ્વારા પણ તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. પરીક્ષામાં કોઈ ગેરરીતી ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ આયોજન કરવામાં આવશે.

### તાલુકા પંચાયતોના પ્રમુખ પદ માટેની અનામત બેઠકોની ફાળવણી ની યાદી બહાર પડાઈ

# રાજયની ૩૪ જિલ્લા પંચાયતો માટે પ્રમુખોની અનામત બેઠકોની ફાળવણી જાહેર કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર


ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી ૨૦૨૬ ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. થોડા દિવસ અગાઉ મતદાર યાદી પણ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ત્યારે એવુ માનવામાં આવી રહ્યુ હતુ કે આવતા મહિનાના અંત સુધી ચુંટણીની તારીખો જાહેર થઈ શકે છે. ગઈકાલે ૩૪ જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોના પ્રમુખોની અનામત બેઠકોની ફાળવણી જાહેર કરવામાં આવી છે. જેમાં અનુસુચિત જનજાતિ માટે ૨, અનુસુચિત જનજાતિ માટે ૮, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૭ અને બિન અનામત સામાન્ય વર્ગ માટે ૧૭ બેઠકો ફાળવવામાં આવી છે. પ્રમુખ પદ માટે કુલ ૨ બેઠકો અનામત રાખવામાં આવી છે. જેમાં દેવભુમિ દ્વારકા અને વાવ-થરાદ (બનાસકાંઠા) નો સમાવેશ થાય છે અને આ બંને બેઠકો એસસી મહિલાઓ માટે અનામત છે. ૮ જિલ્લા પંચાયતોના પ્રમુખપદ એસટી વર્ગ માટે અનામત રહેશે, આ જિલ્લાઓમાં આણંદ, દાહોદ, ડાંગ, ખેડા, કચ્છ, મોરબી, નર્મદા અને તાપીનો સમાવેશ થાય છે. તેમાંથી દાહોદ, કચ્છ, નર્મદા અને તાપી જિલ્લા પંચાયત પ્રમુખની બેઠકો એસટી મહિલાઓ માટે રીઝર્વ રાખવામાં આવી છે. ૭ બેઠકો પર એસઈબીસી અનામત લાગુ કરાઈ છે. જેમાં અમદાવાદ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા અને વલસાડ જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ પૈકી સાબરકાંઠા, સુરેન્દ્રનગર, વડોદરા અને વલસાડની બેઠકો એસઈબીસી મહિલાઓ માટે ફાળવાઈ છે. ૧૭ જિલ્લા પંચાયતોને સામાન્ય વર્ગમાં રાખવામાં આવી છે. આ જિલ્લાઓમાં અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર, જુનાગઢ, મહિસાગર, મહેસાણા, નવસારી, પંચમહાલ, પાટણ અને પોરબંદરનો સમાવેશ થાય છે. આ પૈકી અમરેલી, ભરૂચ, બોટાદ, જામનગર, જુનાગઢ, મહિસાગર, નવસારી અને પોરબંદરની બેઠકો સામાન્ય વર્ગની મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.





| જિલ્લાનુ નામ | અનુસુચિત જાતિ(એસસી) | અનુસુચિત જનજાતિ (એસટી) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ(એસઈ બીસી) | બિન અનામત / સામાન્ય |
|---|---|---|---|---|
| અમદાવાદ | દેત્રોજ (મહિલા) | કોઈ નહી | માંડલ, સાણંદ(મહિલા) | બાવળા (મહિલા) દસ્ક્રોઈ (મહિલા), ધંધુકા (મહિલા), ધોલેરા, ધોળકા, વિરમગામ |
| અમરેલી | સાવરકુંડલા (મહિલા) | કોઈ નહી | લાઠી(મહિલા), લીલીયા, રાજુલા(મહિલા) | અમરેલી(મહિલા), બાબરા, બગસરા, ધારી, જાફરાબાદ(મહિલા), ખાંભા, કુકાવાવ, વડીયા (મહિલા) |
| આણંદ | કોઈ નહી | કોઈ નહી | આણંદ, આંકલાવ(મહિલા) | બોરસદ (મહિલા), ખંભાત, પેટલાદ, સોજીત્રા(મહિલા), તારાપુર, ઉમરેઠ (મહિલા) |
| અરવલ્લી | બાયડ(મહિલા) | ભીલોડા(મહિલા), મેઘરજ, શામળાજી | -માલપુર, મોડાસા(મહિલા) | ધનસુરા(મહિલા), સાઠંબા |
| બનાસકાંઠા | ડીસા(મહિલા) | હડાદ | ઓગડ (મહિલા) પાલનપુર, વડગામ(મહિલા) | અમીરગઢ, દાંતા(મહિલા) દાંતીવાડા(મહિલા), ધાનેરા, કાંકરેજ |
| ભરૂચ | કોઈ નહી | ઝઘડીયા(મહિલા), નેત્રંગ, વાલીયા, | અંકલેશ્વર | આમોદ, ભરૂચ (મહિલા), હાંસોટ, જંબુસર(મહિલા), વાગરા(મહિલા) |
| ભાવનગર | તળાજા | કોઈ નહી | સિહોર(મહિલા), ઉમરાળા , વલભીપુર (મહિલા) | ભાવનગર, ગારીયાધાર, ઘોઘા(મહિલા), જેસર, મહુવા(મહિલા), પાલીતાણા(મહિલા) |
| બોટાદ | કોઈ નહી | કોઈ નહી | બરવાળા | બોટાદ, ગઢ (મહિલા), રાણપુર(મહિલા) |
| છોટા ઉદેપુર | કોઈ નહી | છોટા ઉદેપુર , જેતપુર -પાવી(મહિલા), કવાટ (મહિલા), નસવાડી | કડવાળ | બોડેલી(મહિલા), સંખેડા |
| દાહોદ | કોઈ નહી | દાહોદ, દેવગઢ બારીયા( મહિલા), ધાનપુર (મહિલા) ફતેપુરા ( મહિલા) ગરબાડા (મહિલા) ગોવિંદગુરૂ લીંમડી (મહિલા), જાલોદ, લીમખેડા , સંજેલી, સીંગવડ(મહિલા), સુખસર | કોઈ નહી | કોઈ નહી |
| ઢાંગ | કોઈ નહી | આહવા (મહિલા), સુબીર, વઘઈ(મહિલા) | કોઈ નહી | કોઈ નહી |
| દેવભુમિ દ્વારકા | કોઈ નહી | કોઈ નહી | દ્વારકા (મહિલા) | ભાણવડ કલ્યાણપુર( મહિલા), ખંભાળીયા |
| ગાંધીનગર | કોઈ નહી | કોઈ નહી | માણસા | દહેગામ(મહિલા), ગાંધીનગર(મહિલા), કલોલ |
| ગીર સોમનાથ | વેરાવળ | કોઈ નહી | ગીર ગઢડા ઉના (મહિલા) | કોડીનાર (મહિલા), સુત્રાપાડા(મહિલા), તાલાલા |
| જામનગર | કાલાવાડ (મહિલા) | કોઈ નહી | જામ જોધપુર (મહિલા), જામનગર | ધ્રોલ, જોડીયા(મહિલા), લાલપુર |
| જુનાગઢ | ભેંસાણ, | કોઈ નહી | જુનાગઢ, કેશોદ(મહિલા) | માળીયાહાટીના (મહિલા), માણાવદર, માંગરોળ, મેંદરડા, વંથલી(મહિલા), વિસાવદર(મહિલા) |
| ખેડા | કપડવંજ | કોઈ નહી | ફાગવેલ(મહિલા), માતર (મહિલા), નડીયાદ | ગળતેશ્વર (મહિલા), કઠલાલ (મહિલા), ખેડા, મહુધા, મહેમદાવાદ, ઠાસરા, (મહિલા), વસો |
| કચ્છ | લખપત | કોઈ નહી | નખત્રાણા (મહિલા), રાપર | અબડાસા, અંજાર, ભચાઉ (મહિલા), ભુજ(મહિલા), માંડવી(મહિલા), મુંદ્રા (મહિલા) |
| મહિસાગર | કોઈ નહી | ગોધર, કડાણા, સંતરામપુર (મહિલા) | ખાનપુર | બાલસિનોર, કોઠંબા( મહિલા) , લુણાવાડા(મહિલા), વિરપુર(મહિલા) |
| મહેસાણા | બેચરાજી | કોઈ નહી | ઉંઝા(મહિલા), વડનગર, વિજાપુર(મહિલા) | જોટાણા(મહિલા), કડી, ખેરાલુ(મહિલા), મહેસાણા, સતલાસણા (મહિલા), વિસનગર |
| મોરબી | કોઈ નહી | કોઈ નહી | વાંકાનેર, | હળવદ(મહિલા), માળીયા મીયાણા, મોરબી(મહિલા), ટંકારા |
| નર્મદા | કોઈ નહી | ચીકદા, ડેડીયાપાડા (મહિલા), ગરૂડેશ્વર(મહિલા), નાંદોદ, સાગબારા, તીલકવાડા(મહિલા) | કોઈ નહી | કોઈ નહી |
| નવસારી | કોઈ નહી | વાંસદા, ચીખલી(મહિલા), ખેરગામ(મહિલા) | ગણદેવી(મહિલા) | જલાલપોર, નવસારી |
| પંચમહાલ | કોઈ નહી | ઘોઘંબા(મહિલા) | જાંબુઘોડા(મહિલા) | ગોધરા(મહિલા), હાલોલ (મહિલા) કાલોલ, મોરવા હડફ, શહેરા |
| પાટણ | રાધનપુર | કોઈ નહી | ચાણસ્મા(મહિલા) સિધ્ધપુર | હારીજ, પાટણ(મહિલા), સમી (મહિલા), સાંતલપુર, સરસ્વતી (મહિલા), સંખેશ્વર (મહિલા) |
| પોરબંદર | કોઈ નહી | કોઈ નહી | પોરબંદર | કુતિયાણા(મહિલા), રાણાવાવ |
| રાજકોટ | રાજકોટ (મહિલા) | કોઈ નહી | ધોરાજી(મહિલા), ઉપલેટા, વીછીંયા(મહિલા) | ગોંડલ, જામકંડોરણા, જસદણ(મહિલા), જેતપુર (મહિલા), કોટડા સાંગાણી, લોધિકા, પડધરી(મહિલા) |
| સાબરકાંઠા | હિંમતનગર | ખેડબ્રહ્મા(મહિલા), પોશીના, વિજયનગર | ઈડર(મહિલા) | પ્રાંતિજ(મહિલા), તલોદ(મહિલા), વડાલી |
| સુરત | કોઈ નહી | અંબિકા(મહિલા) ,અરેઠ, બારડોલી, મહુવા, માંડવી (મહિલા), માંગરોળ(મહિલા),ઉમરપાડા(મહિલા) | ઓલપાડ | ચોરીયાસી, કામરેજ, પલાસણા(મહિલા) |
| સુરેન્દ્રનગર | સાયલા(મહિલા) | કોઈ નહી | ચોટીલા ,થાન, વઢવાણ(મહિલા) | ચુડા (મહિલા) , દસાડા (મહિલા), ધ્રાંગધ્રા, લખતર(મહિલા) લીમડી |
| તાપી | કોઈ નહી | ડોલવણ, કુકરમુંડા(મહિલા), નીઝર(મહિલા) સોનગઢ, ઉચ્છલ , ઉકાઈ(મહિલા),વાલોડ,વ્યારા(મહિલા) | કોઈ નહી | કોઈ નહી |
| વડોદરા | શિનોર (મહિલા) | વાઘોડીયા(મહિલા) | ડભોઈ(મહિલા), વડોદરા | દેસર,કરજણ(મહિલા), પાદરા, સાવલી |
| વલસાડ | કોઈ નહી | ધરમપુર(મહિલા), કપરાડા, નાનાપૌઢા(મહિલા), પારડી( મહિલા), ઉમરગામ | વલસાડ | કોઈ નહી |
| વાવ-થરાદ | ધરણીધર(મહિલા) | કોઈ નહી | રાહ(મહિલા) સુઈગામ | ભાભર, દિયોદર(મહિલા), લાખણી, થરાદ(મહિલા), વાવ |



# વિકસિત ભારત
# વિકસિત ગુજરાત





## સેમિકંડક્ટર મિશન

- **ધોલેરા** અને **સાણંદ** ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે **વિશ્વના નકશામાં ગુજરાત**ને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકંડક્ટર પૉલિસી** હેઠળ **₹1100 કરોડ**ની જોગવાઇ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઇ



## શહેરી વિકાસ

- અમદાવાદ બનશે **'ઑલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઈટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રુપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઇ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ** અને **ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે



## ગ્રામીણ વિકાસ

- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની બહેનો**ને ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે



"સ્માર્ટ સિટીથી લઈને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકંડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિકે ટકનોલૉજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત